ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૪ ટકા

# સિવિલ હોસ્પિટલ સામે હીટ એન્ડ રન

## અજાણ્યા વાહને રસ્તો ઓળંગતા યુવાનને અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યો ને રફફુચક્કર થઈ ગયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજાની સામે બે દિવસ પહેલા બેફામ ગતિએ ઘ-માર્ગ પર નિકળેલા અજાણ્યા વાહને એક યુવાનને અડફેટે લઈલીધો હતો.અકસ્માત સર્જીને વાહન સાથે ચાલક રફફુચક્કર થઈ ગયો હતો. હીટ એન્ડ રનના આ પ્રકરણમાં ઘાયલ યુવાનનું ગઈ કાલે સારવાર દરમિયાન મૃત્યુ થઈ જવા પામ્યું છે. સે-૭ પોલિસે ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા સીસીટીવી ફુટેજ તપાસવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સામે ઘ-માર્ગ પર ૪૨ વર્ષીય યુવાન સંતોષ સામદાસ શર્મા (સે-૨૮, જીઆઈડીસી) રસ્તો ઓળંગી રહ્યો હતો. ધસમસતા આવતા અજાણ્યા વાહને સંતોષ શર્માને અડફેટે લઈ લીધો હતો અને ગંભીર હાલતમાં પડતો મુકીને વાહન સાથે આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. હીટ એન્ડ રનના કેસમાં ગંભીર રીતે ઘવાયેલા સંતોષ વર્માને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે હાલત નાજુક જણાતા તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો હતો. ગઈ કાલે સારવાર દરમિયાન તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૭ પોલીસને અજાણ્યા વાહનચાલક સામે હીટ એન્ડ રનનો ગુનો નોંધી તેના સુધી પહોંચવા સીસીટીવી તપાસવાનું શરુ કર્યું છે તો બીજી તરફ મૃતકના નામ સિવાય પોલિસ પાસે કોઈ માહિતી ન હોવાથી મૃતદેહ કોલ્ડરૂમમાં મુકવામાં આવ્યો છે તેના વાલીવારસ સુધી પહોંચવા એએસઆઈ કાનાજીએ તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર ડિસ્ટ્રીકટ ચેસ એસોસિએશન દ્વારા સચિવાલય કેન્ટિન ખાતે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેસ ટૂર્નામેન્ટમાં વિવિધ વય જુથમાં મળીને કુલ ૧૧૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટના આયોજન માટે એસોસિએશનના પ્રમુખ એન.જે. સતુનિયા તથા સેક્રેટરી શૈલેશ નાઈક દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.





પ્રભુને ઋતુ અનુસાર ભોગ ધરાવવાની પરંપરા પુષ્ટિ સંપ્રદાયમાં સૈકાઓથી ચાલી આવે છે. તેના ભાગ રૂપે શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે કેરીના મનોરથનું આયોજન કરાયું હતું. જેમાં લગભગ ૫૦૦થી પણ વધુ કેરીઓ અને ઠાકોરજીના દર્શન કરવા વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

### વાતવાતમાં

● શહેરમાં લગાડાયેલી પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમનો રવિવારે અનોખો ઉપયોગ કરાયો હતો. આ સીસ્ટમ પરથી વડાપ્રધાનની 'મન કી બાત'નું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

● બેંક ખાતા સાથે આધારકાર્ડને લિંક કરવા ગ્રાહકોને સૂચના આપતા મેસેજ સતત નગરજનોના મોબાઈલમાં રણકી રહ્યા છે. આ મેસેજમાં આધારકાર્ડ લિંક કરવાની છેલ્લી તારીખ ૩૦મી જુન દર્શાવવા સાથે તે પછી ખાતું બ્લોક થઈ જશે તેવી સૂચના પણ અપાઈ રહી છે.

● રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘ દ્વારા પ્રથમવાર રવિવારના રજાના દિવસે સ્મર્ણિમ સંકુલ ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ હાજર રખાયા હતા.

# હોસ્પિટલના ઓબ્જર્વર રૂમમાં પંખા બંધ : દર્દીઓની હાલત કફોડી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગમાં આવતા અત્યંત નાજુક હાલતના દર્દીઓને ઓબ્જર્વરમાં રાખવામાં આવે છે. પરંતુ આ દર્દીઓને જ્યાં રાખવામાં આવે છે તે રૂમમાં પંખા બંધ હાલતમાં હોવાથી તે રૂમમાંથી સીધા આઈસીયુમાં દર્દીઓને શીફટ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થાય છે. જયારે ઈમરજન્સીમાં રાખવામાં આવેલ બેડ પણ દર્દીઓથી ભરાઈ જાય છે. ત્યારે ઈમરજન્સી વોર્ડમાં પાછળના ભાગે રાખવામાં આવેલ બેડ પરના ગાદલા વાળીને મુકી દેવાયા છે.


ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ગાંધીનગર શહેર આસપાસમાંથી હાઈ-વે પસાર થતો હોવાથી અકસ્માતોની સંખ્યા પણ વધુ રહે છે. જેથી દર્દીઓ ગાંધીનગર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ત્યારે ઈજાગ્રસ્ત દર્દીઓને તાત્કાલીક વિભાગમાં સારવાર આપીને ડોક્ટર દ્વારા મુલ્યાકન માટે અન્ય રુમમાં રાખવામાં આવે છે. ત્યાં અલાયદા રુમમાં અન્ય દર્દીઓ પણ હોય છે.જયારે વધુ ઈજા પામેલા દર્દીઓને અમદાવાદ રીફર કરાય છે. તેવા સમયમાં મુલ્યાકન માટે રાખેલા દર્દીઓના રુમમાં ભર ઉનાળે પંખા બંધ હોવાથી દર્દીઓ તેમજ મુલાકાતીઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે. જયારે પંખા બંધ હોવાને પગલે દર્દીઓને જે તે વોર્ડમાં ખસેડવામાં આવે છે અથવા દર્દીની તબિયત વધુ ખરાબ થતા આઈસીયુમાં મોકલવામાં આવે છે. ત્યારે ઓબ્જર્વર રુમમાં પંખા સત્વરે શરુ થાય તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે. જયારે ઈમરજન્સી વિભાગ હંમેશ ધમધમતો રહે છે. તેવા સમયમાં સ્ટાફના કમીઓ છેલ્લા કેટલાક બેડ પરના ગાંદલા વાળીને મુકી દીધા છે. ત્યારે ઈમરજન્સીમાં બેડ તૈયાર ન હોવાથી કેટલાક સગાઓએ જાતે ગાંદલા પાથરીને બેડ તૈયાર કરવાની નોબત ઉભી થાય છે.ત્યારે હોસ્પિટલની પ્રાથમિક સમસ્યાઓનો તંત્ર દ્વારા ઝડપી ઉકેલ લાવવમાં આવે તેવી લોકોની લાગણી અને માંગણી છે.

**ચિલોડા પી.આઈ.ની નાઈટમાં જ**

# ધણપ જૈન દેરાસરમાં તસ્કરોનો તરખાટ

## ભગવાનની ૮૦ મૂર્તિઓમાંથી ચાંદીના ટીકા મળી રૂ. ૨.૮૦ લાખના આભુષણોની ચોરી : દાન ભંડારની બે પેટીઓ પણ તોડી : ચોકીદારો અને પોલિસ સુતી રહી ને રાત્રે તસ્કરો કળા કરી ગયા







ગાંધીનગર, તા.૨૮

ચિલોડા-હિંમતનગર હાઈવે ઉપર ધણપ ગામની સીમમાં અંજલી હોટલની સામે આવેલા જૈન દેરાસરમાં ગઈ મધરાત્રે તસ્કર ટોળકીએ તરખાટ મચાવી દીધો હતો. ચોકીદારો અને નાઈટ પેટ્રોલીંગ કરતી પોલિસ ઘસઘસાટ સુઈ ગઈ ને તસ્કરોએ દેરાસરના દરવાજાનું તાળુ તોડી અંદર ઘુસીને ભગવાનની ૮૦ મૂર્તિઓમાંથી ચાંદીના ટીકા કાઢી લઈ રૂ. ૨.૮૦ લાખની મત્તાના આભુષણો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. નવાઈની વાત તો એ છે કે ગઈ રાત્રે ચિલોડા પોલિસ સ્ટેશન કે જેની હદમાં આ દેરાસર આવ્યું છે તેના પી.આઈ.ની જ નાઈટ હતી.

ચિલોડા નજીક ધણપ ગામની સીમમાં હોટલ અંજલીની સામે હાઈવે ઉપર જ ચંદ્રપ્રભુ લબ્ધીધામ તિર્થ જૈન દેરાસર આવેલું છે. ૮૪ જિનાલયના આ દેરાસરમાં રાત્રે ૧ થી ૬ વાગ્યાના અરસામાં તસ્કરો ફરી વળ્યા હતા અને ૮૪ પૈકી ૮૦ જિનાલયો તસ્કરોના ટાર્ગેટ બન્યા હતા. ભગવાનની ૮૦ મુર્તિઓમાંથી આંખો ચાંદીના ટીક્કા કાઢી લેવાયા હતા. રૂ. ૨.૮૦ લાખની કિંમતના ચાંદીના આભુષણો ચોરી કર્યા બાદ દાન ભંડારની બે પેટીઓ પણ ઉપરથી તોડી નાંખી રોકડ રકમ ઉઠાવી હોવાની શંકા છે. આ મામલે દેરાસરના પદમસિંહ ભૂપતસિંહ સૂર્યવંશીની ફરિયાદને આધારે ચિલોડા પોલિસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે. નોંધનીય બાબત તો એ છે કે જે પોલિસ સ્ટેશનની હદમાં આ દેરાસર આવેલું છે તે ચિલોડા પોલિસ સ્ટેશનના ખુદ પીઆઈની ગઈ કાલે નાઈટ હતી. પી.આઈ.ની નાઈટ હોવા છતાં તસ્કરો આટલી હિંમત કરી ગયા તે નવાઈની વાત છે. તો બીજી તરફ દેરાસરના ચોકીદારો પણ નિંદ્રાધીન હતાં.

### આઈ લવ માય ગાંધીનગર



**મૌલિક શુક્લ**
શિક્ષક

**ગાંધીનગર ગમે**

મનોહર પ્રકૃતિ, સુંદરતમ હરિયાળી અને દિલમાં વસી જાય એવા લોકોને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

આદર્શ નાગરિકો કહી શકાય એવા શિક્ષિત અને પ્રબુદ્ધ નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેકવિધ સંસ્થાઓ શહેરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે, જેમાં સેવા, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ સામેલ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, શિવરંજની, જી ઈ ક્લબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ ઉપરાંત ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

આ નગરનાં નગરજનોની જેમ અહીંનો યુવાવર્ગ પણ ખૂબ સંવેદનશીલ, સેવાભાવી અને બુદ્ધિજીવી છે. આ યુવાવર્ગનો ઉપયોગ સમાજલક્ષી કામો માટે કરવો જોઈએ એવી જરૂરિયાત અનુભવાય છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ માટે કામ કર્યું છે ને કરી રહ્યો છું. એ માટે મારી સઘળા પ્રકારની સેવા, સહાય નગરને આપવા હું તત્પર છું.

# પેટ્રોલ ખરીદતા રાખેલી સાવધાની જ છેતરાતા બચાવશે

## રોજીંદી જરૂરિયાતનું અનિવાર્ય અંગ બની ગયેલ પેટ્રોલ ભરાવતા ગ્રાહકની બેકાળજી કે ભોળપણ છેતરપીંડીનો ભોગ બનાવી શકે છે

**લાગ્યું એવું લખ્યું**
સમીર રામી

ગાંધીનગર, તા.૨૮

ઈતિહાસ એવું કહે છે કે જયારે માનવીએ પૈડાંની શોધ કરી પછી તેનો વિકાસ ખૂબ ઝડપથી આગળ વધ્યો. આજે પણ આ પૈડું માનવ જીવનનું અભિન્ન અંગ બનીને દોડી રહ્યું છે. અને એ પૈડું પેટ્રોલ નામના ચાલકબળને સહારે માનવીના જીવનને વિકાસપથ પર તેજ ગતિ આગળ લઈ જઈ રહ્યું છે. પેટ્રોલ એ આજના યુગમાં એટલું અભિન્ન અંગ બની ગયું છે કે તેના ભાવમાં આવતો જરા સરીખો તફાવત પણ પરિવારના બજેટમાં મોટો ફેરફાર લાવી શકે છે. રોજીંદી જરૂરિયાતનો ભાગ બની ચુકેલા પેટ્રોલના ભાવોમાં આમ તો સરકારો બદલાવા છતાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતો નથી પરંતુ આટલા ભાવ ખર્ચવા છતાં નાગરિકોને શુધ્ધ અને પુરું પેટ્રોલ મળે છે ખરું? ગ્રાહકોએ પેટ્રોલ ખરીદયા પછી છેતરાયાની લાગણી અનુભવવાને બદલે ખરીદતા પહેલા કેટલીક સાવધાનીઓ રાખવી જરૂરી છે જેથી તેમણે ખર્ચેલા નાણાંનું પુરું વળતર મળ્યાનો સંતોષ મળી શકે.

પેટ્રોલ ખરીદીમાં ગ્રાહકોને સૌથી વધુ શંકા તેના જથ્થા અંગે થતી હોય છે અને ઘણી જગ્યાએ ગ્રાહકોની બેદરકારી, ભોળપણ અથવા વિશ્વાસનો લાભ ઉઠાવી પેટ્રોલ ડિલીવરીમાં ઓછો જથ્થો આપી દેવાની ચાલાકી પણ આચરાતી હોય છે. આ પ્રકારના કૃત્ય માટે પેટ્રોલ ડિલીરવી કરતા એટેન્ડન્સને કેટલીક 'ટેકનિકસ' શિખવાડવામાં આવી હોય છે. એટલે ગ્રાહક જો જરા સરખો ગફલતમાં રહે તો તેને ઓછું પેટ્રોલ પધરાવી પુરા પૈસા ખંખેરી લેવાની શકયતા રહેલી છે. વળી, ગ્રાહકને બીજી ચિંતા પેટ્રોલની ગુણવત્તાની હોય છે. અનેકવાર પેટ્રોલમાં મિલાવટ પકડાયાના સમાચારો પ્રકાશિત થતા રહે છે જયારે બીજી તરફ પેટ્રોલ પંપ પર અમારે ત્યાં પેટ્રોલ ચકાસણી માટે ફિલ્ટર પેપર ઉપલબ્ધ છે તેવી સૂચનાઓ શોભાના ગાંઠિયાની જેમ ઝુલતી હોય છે.

પેટ્રોલ ખરીદી કરતી વખતે ગ્રાહકો માત્ર સભાનતા દાખવે તો પણ તેમની સાથે થતી છેતરપીંડીમાં ઘણો બધો અંકુશ આવી શકે છે. ગ્રાહકોએ સૌથી પહેલા તો મીટર ઝીરો કરાયું છે કે નહિ તે જોઈ લેવું અત્યંત આવશ્યક છે.જો આગળની ફિગરને ઝીરો કરી ના હોય તો શકય છે કે તમને તેટલું પેટ્રોલ ઓછું મળી શકે. આ ફિગરથી તમારી નજરચુક કરાવવા એ પણ શકય છે કે પેટ્રોલ એટેડેન્સ અન્ય વાતો, લોભામણી ઓફરો કે અન્ય પ્રોડકટસ પ્રત્યે ધ્યાન ભટકાવી તમને છેતરી શકે છે. પેટ્રોલ મીટરમાં ભાવ અને જથ્થાનું સેટિંગ કર્યું ના હોય તેવી શકયતા રહેલી હોય છે જે આમ તો નહિવત છે પરંતુ પેટ્રોલના ભાવ બદલાય ત્યારે તે ખાસ ચેક કરી લેવું જોઈએ. વળી જયારે રીડીંગ સ્ટાર્ટ થાય ત્યારે મીટર જો ૧૦, ૧૫, ૨૦ એમ ઉથી વધુ જમ્પ મારે તો સમજવું કે તમારું નુકશાન થઈ રહ્યું છે અથવા મીટરની સ્પીડ સામાન્ય કરતા વધુ જણાય તો પણ છેતરપીંડીની શકયતા રહેલી છે અથવા વધુ પડતું અટકી અટકીને ચાલે તો પણ તમને નુકશાન થવાની શકયતા પુરેપુરી રહેલી છે. હવે દેશભરમાં ડિજીટલ મીટરવાળા પમ્પ ઈન્સ્ટોલ કરાયા છે તેથી ડિજીટલ પમ્પ પર જ પેટ્રોલ ભરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. જયાં નિર્જન અને સુમસાન વિસ્તાર હોય ત્યાંથી આકસ્મિક સંજોગો સિવાય પેટ્રોલ ભરાવવાનું ટાળવું જોઈએ. પેટ્રોલ ભરાવતી વખતે તમારા વાહનમાંથી બહાર અથવા ટુ-વ્હીલર હોય તો વાહન પરથી ઉતરીને પેટ્રોલ એટેડન્સની સમગ્ર ક્રિયા પર ધ્યાન રાખવું જોઈએ. જેથી તમે કેટલીક છેતરપીંડીથી આસાનીથી બચી શકો અને સૌથી અગત્યની બાબત એ છે કે નિયમિત વાહનની એવરેજ ચેક કરતા રહો. જે પેટ્રોલ પંપ પર છેતરાયાની શંકા થાય ત્યાં સળંગ બે કે ત્રણ વાર એક સરખા જથ્થામાં પેટ્રોલ પુરાવી એવરેજ ચેક કરો પછી તેટલા જ જથ્થામાં અન્ય પટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવી એવરેજ ચેક કરી લેવી. શકય હોય તો વહેલી સવારે અથવા રાત્રે ઠંડકના સમયે પેટ્રોલ પુરાવવું જોઈએ જેથી પેટ્રોલની ઘનતા પણ સારી સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકે.

પેટ્રોલ પંપ માલિકોને પેટ્રોલના ભાવમાં ઓછું માર્જીન મળતું હોવાથી પેટ્રોલપંપના મસમોટા વિજળી બીલો, કર્મચારીઓના વધતા વેતનના બોજ, ઉધારીનું જોખમ જેવી અનેક બાબતો છેતરપિંડી કરવા પ્રેરિત કરતી હોય છે. જો કે બધા પેટ્રોલપંપ માલિકો આ રસ્તો અપનાવે છે તે કહેવું પણ યોગ્ય નથી ખાસ કરીને કંપની માલિકીના કંપની સંચાલિત પેટ્રોલપંપો પર આ શકયતા ખુબ ઓછી જણાય છે. દરેક પેટ્રોલ પંપ પર પેટ્રોલની ડેન્સિટી ચેક કરવા થર્મોમીટર ઉપલબ્ધ હોય છે. જો થર્મોમીટર ૭૦૦થી ૭૫૦નો આંક બતાવે તો પેટ્રોલની ડેન્સિટી યોગ્ય ગણાય છે. વળી પેટ્રોલની ગુણવત્તા ચકાસવા માટે ફિલ્ટર પેપર હોય છે જેના પર પેટ્રોલનું ટીંપુ નાંખી જોઈએ તો જો પેટ્રોલમાં મિલાવટ હોય તો તેનો ડાઘો ફિલ્ટર પેપર પર રહી જાય છે અને જો શુધ્ધ પટ્રોલ હોય તો કોઈ ડાઘ રહેતો નથી. એજ રીતે પેટ્રોલ પંપ પર ૫ લીટરનો કવોન્ટિટી ટેસ્ટ પણ ઉપલબ્ધ હોય છે તેનો ઉપયોગ ગ્રાહક કરી શકે છે. ટૂંકમાં પેટ્રોલ ખરીદતી વખતે છેતરાવું કે નહી તે મહદઅંશે પેટ્રોલ ખરીદનાર પર નિર્ભર કરે છે. જો કે ઘણી અનેક છુપી ટેકનિક જેને પકડવી સામાન્ય નાગરિકના હાથમાં નથી તેવી પેટ્રોલ પંપના માલિકો અજમાવી શકે છે પરંતુ મોટે ભાગે આપણી જાગૃતિ જ આપણને છેતરાતા બચાવી શકે છે.





**પ્રતિભાવો આવકાર્ય :**
samirtalod@yahoo.com

# દશેલા ગામે ભાજપ વિસ્તારક બુથ સમિતિ દ્વારા ડોર ટુ ડોર મુલાકાત

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે તાજેતરમાં ભાજપના મહાનુભાવો દ્વારા વિસ્તારક લેવલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કીટ વિતરણ કરાવ્યા બાદ ચાર જિલ્લા પંચાયતની ૧૨૪ બુથ લેવલની સરકારની યોજનાની ઉપલબ્ધિ પ્રજાકીય સંપર્ક અને જનજાગૃતિ અભિયાન આરંભ થઈ ચુકયો છે. ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે રાજકીય પક્ષો અને નેતૃત્વના તેજ હીલચાલ વધી રહી છે. ત્યારે દશેલા ગામે તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડની આગેવાની હેઠળ ભાજપના સંનિષ્ઠ કાર્યકરો સહિત તા. ૨૮મી મેના પહેલા દિવસે ઘર-ઘરની મુલાકાત અને બુથ સમિતિની બેઠક કરી પેજ પ્રમુખની નિમણુંક કરી હતી. આ કાર્યક્રમમાં ગામના યુવકો દ્વારા ડોર ટુ ડોર સંપર્ક કરી બુથ લેવલની કામગીરીનો શુભારંભ કર્યો હતો.

### ચિરવિદાય

● સ્વ. હિતેન્દ્રભાઈ ભીખાભાઈ સુથાર, ઉ.વ. ૩૬